સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૧

દોલત ને દબાણો પર એમને વિશ્વાસ હોય છે,
ખૂનો કર્યા પછી ય બચી જવાનો વિશ્વાસ હોય છે,
વિશ્વાસ હોય છે પાકો, એમનો બોદી પોલીસ પર -
ન્યાયની નબળાઇ પર એમનો વિશ્વાસ હોય છે..
(કચડાય કાયદો BMW નીચે)

હાઈકુ

દિ'ના ન વધે
એટલી વધે રાત -
પેટ્રોલ-પીડા!
(માસિક વધારો નક્કી કરી નાખો!)

લોકશાહીમાં
રાખો પાર દર્શિતા -
ફોનમાં પણ..
(ફોન ટેપીંગ)

ચિંતન

दुरासदानरीनुग्रान्धृते र्विश्वासजन्म नः
भोगान्भोगा निवाहे यान ध्यास्यापन्न दुर्लभा ॥

'વિશ્વાસથી ઉત્પન્ન થતી ધીરજ વડે પણ જેઓ વશ ન કરી શકાય એવા શત્રુઓની વચ્ચે બેસી રહે તેમને આપત્તિ આવતાં વાર લાગતી નથી. તેવી જ રીતે જેઓ મુશ્કેલીથી મેળવી શકાય એવા, ઉગ્ર શત્રુઓ જેવા, અને સાપની ફણાઓ જેવા ભોગોની વચ્ચે બેસીને એવા શત્રુઓ અને ભોગોને સેવ્યા કરે તેમને માટે આપત્તિ જરા પણ દુર્લભ નથી. અર્થાત્ તેવા લોકો વારંવાર તરત મુશ્કેલીઓમાં મૂકાઇ જ જાય છે.'

જ્યારે આપણા તદ્દન નજીકના મિત્ર-સાથી પર વિશ્વાસ રાખી તેના તરફથી થતાં તમામ અન્યાય-દુરાચરણ-અપરાધો સહન કર્યા કરીએ અને ધીરજપૂર્વક તેનો પ્રેમ-વિશ્વાસ સંપાદન કરતા સતત પ્રયત્નશીલ રહેવા છતાં પણ તેને પ્રેમ-વિશ્વાસ સંપાદિત ન કરી શકાય - એ શત્રુ જ છે. એવા દુશ્મન-અપ્રિય વચ્ચે રહેવાથી વારંવાર આપત્તિઓ આવ્યા જ કરે છે.

એવા ભયંકર દુશ્મનો જે મુશ્કેલીથી મળે એવા કઠોર, કોઇ પણ રીતે સમજે નહીં, દયા-પ્રેમ-લાગણીનો જેમાં છાંટો ય ન હોય, એવા શત્રુઓ વચ્ચે એમની સાથે પરિવાર-શેરી-ગામનાં-નજીક રહેવું પણ ન જોઇએ. આવા શત્રુઓ વચ્ચે રહેવાથી ડગલે-પગલે આપત્તિ આવે જ છે?

જે ભૌતિક સુખો-ભોગ-ઉપભોગ-સવલતો વચ્ચે જીવન ધ્યેય-હેતુ ભૂલીને માત્ર એશઆરામમાં જ રહે છે. આવા લોકોને રોગો અને આપત્તિઓ પીછો છોડતી નથી.

સુવિચાર

- સૌથી ઉત્તમ સ્વર મૌનમાંથી ઉત્પન્ન થતો હોય છે - **કાકા કાલેલકર**
- વિદ્વાનની કલમની સ્યાહી શહીદના લોહી જેટલી જ મૂલ્યવાન હોય છે - **ઓશો**
- મારી આંખમાં વાસનાના વિચિત્ર સાપોલિયાં રમે એના કરતાં તો હું આંધળો હોઉં એ સારૂં - **તૂકારામ**
- પાપ માણસને નીચું જોવડાવે છે, ગરીબી નહિં! - **શેખ સાદી**
- દિવાસળી બીજાને સળગાવવા પહેલાં જાતે સળગે છે એમ ઇર્ષા બીજાને બાળતાં પહેલાં ઇર્ષાળુને પ્રથમ દઝાડે છે - **રોશ કૂકોલ્ડ**
- ન્યાય એ પૂજા છે અને માનવતા એ ધર્મ છે, પ્રેમ એ ધર્મગુરૂ છે - **ડગર સોલ**
- દુષ્ટો બીજાને દુખમાં નાખવા પ્રયત્નશીલ હોય છે, જ્યારે સંતો બીજાને દુઃખમાંથી કાઢવા પ્રયત્નશીલ હોય છે - **વાલ્મિકી**

બોધ કથા

આજે જમીનના કૌભાંડો - કોઇના નામની જમીન કોઇને વેંચી મારવી, એકના ડબલ કરી આપવા, સોનાનાં ખોટાં બિસ્કીટ પકડાવી દેવા, બેન્કો, સહકારી મંડળીઓ અને સરકારી ખાતાંનાં કૌભાંડોમાં આપણે મૂલ્યોના પતનના કિસ્સા જોઇ - સાંભળી શકીએ છીએ આનાં કારણે અને પાયામાં આપણી ઘંધાદારી નિશાળો અને સ્વાર્થી માતા-પિતાનો ઉછેર છે.

એક બાળકને રસ્તામાંથી પાકીટ મળ્યું, એમાં પચાસની નોટ હતી. માતાએ બાળકની ફી ભરવાની ચિંતા હતી જ. માતાએ તરત બાળકને કહ્યું - લ્યો! સારૂં થયું. આમાંથી તારી ફી ભરી દેજે.

એક લૂંટારાને ફાંસીની સજા થઇ, ત્યારે તેની છેલ્લી ઇચ્છા પૂછવામાં આવી, ચોરે કહ્યું મારી માને બોલાવો, મારે એના કાનમાં એક વાત કહેવી છે. મા આવી. પેલા લૂંટારાએ એની માનો કાન કરડી ખાધો અને કહ્યું, મને જિંદગીમાં પહેલીવાર જ્યારે પચાસ રૂપિયાની નોટ મળી ત્યારે મને અટકાવ્યો હોત તો હું આજે ફાંસીના માંચડા સુધી ન પહોંચ્યો હોત!

બાળકને મૂલ્યોનું શિક્ષણ માના ખોળાથી જ શરૂ થાય છે. જો આમાં માતાઓ ઉદાસ રહે તો આપણા દેશની જેવી પરિસ્થિતિ છે તેવી થાય.

જ્યાં સમસ્ત શબ્દ નષ્ટ થઇ જાય છે, જ્યાં રૂપ ઓગળી જાય છે, જ્યાં જીવન અને મૃત્યુનું અસ્તિત્વ મટી જાય છે, તે જ આત્મા છે

(ગતાંકથી આગળ...)

● **આચરણ જ સર્વસ્વ છે : ૧૦**

ગુરૂનાં શબ્દોએ મારા આત્માને કહ્યું, હે પુત્ર! તારી શ્રધ્ધા કયાં છે? શું તું પશું છો કે દરેક મુશ્કેલીમાં કાંપતો રહે છે? જયાં સુધી તમે પોતાની દેહાત્મ બુધ્ધિ ઉપર વિજય નહીં પ્રાપ્ત કરે ત્યાં સુધી સત્યનો અનુભવ થઇ નથી શકતો. તો શું તમે માત્ર શરીર છો? શું તમે ભૌતિકતા ને જ અંતિમ માનીને તેમાં રાચતાં રહેશો કે પછી તે અનિત્યની પાછળ નિત્યતાનું આચરણ કરશો? પોતાને ઓળખો અને હું ની ખોજ કરી, મનુષ્યત્વ પામો. આત્મા જો દેખાતો નથી તો તે છે કયાં? તેની ખોજ કરો. આ સંસારમાં જ કશું જ તમારા થકી નથી, તમે એ સર્વોપરી સત્તાને આધિન થાવ.

પોતાની નિશ્ચાત્મિકા બુદ્ધિથી મનને વશમાં કરો. મુક્ત થઇ જાઓ. જો તમે અવિનાશીને માટે પ્રયત્ન કરો છો, તો મૃત્યુને જ ભૂલી જશો. તમે અમર થઇ જશો. સમગ્ર સંસાર સત્યને પ્રકાશ પાથરવા માટે પ્રયત્ન કરી રહ્યો છે. આ પ્રયત્નમાં આરંભિક સફળતા આચરણમાં મુકતા ઉદાત મૂલ્યો થકી છે.

આચરણ જ સર્વસ્વ છે. આચરણ સુધારો. પ્રત્યેક ક્ષણમાં આચરણને શુધ્ધ બનાવો. પોતાનાં અંતઃકરણમાં સમસ્તતા, સર્વવ્યાપકતા, વિશાળતાનાં આધાર પર તમે અમર થઇ જશો. સત્યને નિવાસસ્થાન બનાવો. જન્મ અને જીવનના પરિવર્તનશીલ અનુભવ તમારા માટે દુઃખદ નહીં હોય. શરીરને પકડશો નહીં, એનો ઉપયોગ કરો. એમાં આસક્તિ વ્યર્થ છે. મનથી પોતાને સ્વતંત્ર બનાવો. સમસ્ત ધર્મ અને સદાચાર શાસ્ત્રનો સાર પાશ્ચિક વૃત્તિ પર વિજય પામવાનો જ છે. સ્ત્રી, પુરૂષ, ભાવ, ભય, નિંદ્રા, ભૂખ વગેરે વૃત્તિઓને ત્યાગી દો. આ શરીર સાથે આસક્તિ ના કરો. તેની આળપંપાળ ન કરો! માત્ર આત્મા જ સત્ય છે. શરીર એ સાધન છે. તેનો ઉપયોગ કરો, ઉપભોગ નહીં. આત્માને રહેવાનું પવિત્ર મંદિર છે. આત્માનો વિચાર અમરત્વ છે. અમરત્વનો વિચાર કરવાથી તમે અમરત્વ સુધી કયારેક પહોંચી જશો. સાહસી અને નિર્ભિક બનો. બળવાન બનો. શું તમને આત્માનુભવની ઇચ્છા છે? જો છે તો હે મારા પુત્ર! શરીરની ચિંતા કરવાનો સમય નથી, હજી સમય છે, આ સમય જ તારૂં સૌભાગ્ય છે. જો તમને આત્માનુભવની ઇચ્છા હોય તો હે પુત્ર! શરીરનું તાદાત્મય ત્યજી, સાધનને બરાબર કેળવી ઉપયોગ કરી આ સમય જે તને પ્રાપ્ત થયો છે તેનો સદુપયોગ કરો.

- ઉર્વી રાજવીર

તમે સત્યનાં પુત્ર છો. સત્ય તમારૂં સ્વરૂપ છે. એટલા માટે જ આધ્યાત્મિક જીવનરૂપી જળમાં ડૂબકી મારી નિર્ભય રહો. જીવનના સુખ અને દુઃખોની ઉપર ઉઠતા શીખો. સ્મરણ રાખો કે તમે આત્મા છો તમે જ આત્મા છો. અંતરતમ પ્રદેશોમાં જાઓ. અનુભવ કરો કે તમે બળવાન છો. પોતાના સ્વભાવમાં મૂળમાં જાઓ. ત્યાં તમને અનુભવ થશે કે તમે પોતાનાં પ્રયત્નોમાં સાચાં છો. જો કોઇ અસફળતા મળે તો કોઇ ચિંતા નથી ભય અને નિર્બળતા ભૌતિક છે, તે જાણો. આ બંને શરીરથી કે જે હંમેશા બદલાતું રહે છે, અનિત્ય છે, ઉત્પન્ન થાય છે. તમે પોતાના સાહજિક સ્વભાવમાં મુક્ત અને નિર્ભય રહો.

"શક્તિનું સંગીત ગાઓ, હે પુત્રો, શક્તિનું સંગીત ગાઓ. તમે અમરત્વનાં પુત્ર છો. તમારૂં લક્ષ્ય સત્ય છે. તમારા પ્રતિદિનના ક્ષણિક અનુભવ મહાન મૃગતૃષ્ણાના મિથ્યા ભ્રમ છે. આ જીવનને ઈશ્વરાભિમુખ કરો અથવા નિવૃત્ત થઇ જાવ! કોઇ પણ સાધનથી ઈશ્વરનો અનુભવ કરો. એની ચિંતા ના કરો કે તમે કયાં જઇ રહ્યાં છો, ભલે પ્રવૃત્તિ માર્ગ હોય કે નિવૃત્તિ માર્ગ, બંનેમાં કોઇ અંતર નથી."

મારા અંતઃકરણમાં શાંતિનો ભાવ આવ્યો. એક મહાન શાંતિ ઉત્પન્ન થઇ તે શાંતિમાં સર્વવ્યાપક શક્તિનો ઉદય થયો. તે આ સંવાદરૂપે ઉર્જાએ મને આત્મબળ આપ્યું અને વળી, આ વિચારની અવસ્થામાં ગુરૂદેવનાં શબ્દો સંભળાયા. "સમયની બહાર અને અંદર હું અનંત છું. મૂર્ત હોય કે અમૂર્ત, બધુ આત્મા છે. બધાનું અંતર એક જ છે. પ્રચંડ વાયુનાં પ્રવાહની ભલે ગમે તેટલી સપાટી પર ગમે તેટલાં બહુત્વના તરંગો ઉઠે પણ ઊંડાણમાં - શાંત સત્યની ધારા સતત, પ્રવાહિત થયા કરે છે."

● **સતત પ્રવાહીતા - ૧૧**

ગુરૂનાં શબ્દો ધ્યાનનાં સમયે કહે છે, "જુઓ, એક આંતર જગત છે અને બીજું બાહ્ય. એક આત્મિક છે અને બીજું ભૌતિક. વત્સ! જો ભૌતિક જગતમાં આશ્ચર્ય, રહસ્ય, વિસ્તૃત સૌંદર્ય અને મહાન યશ છે તો આંતર જગતમાં પણ અતુલનીય મહત શક્તિ અનિર્વચનીય આનંદ, શાંતિ અને સત્યનું મળ રહેલ છે.

જો તમે અનિવાશી માટે પ્રયત્ન કરો છો, તો મૃત્યુનો, વિનાશનો ભય શાનો? મૃત્યુ શરીરનું છે, એ તમને સ્પર્શ પણ નથી કરી શકતું.

આત્મા તો સર્વદા સ્વતંત્ર છે. એ અમૂર્ત છે, સાક્ષી છે, કારણ કે શરીરનો નાશ થઇ જવા છતાં પણ એ અવિનાશી રહે છે. મારો આત્મા ગુરૂને મળી રહે છે, "સ્વામી! કેવું આશ્ચર્ય છે? જાણે અસ્તિત્વ જ રહ્યું નથી."

ગુરૂએ જવાબ આપ્યો. ઇન્દ્રિયપરાયણ જીવન, જેનું મૂળ વાસનામાં છે, તેનું પણ અસ્તિત્વ નથી. જે એના માટે પ્રયત્ન કરે છે, તેમના માટે જીવન એક કીચડ ભરેલો ખાડો છે. જેવી રીતે કીચડમાં રમતો બળદ એનાથી લથબથ થઇ જાય છે. તેવી જ ગતિ કામમાં આનંદ માણવાવાળા જીવોની થાય છે. અનેક પ્રકારની વાસનાઓથી ઓતપ્રોત માયા દ્વારા બધ્ધ એમનો માર્ગ બહુ જ લાંબો છે. એનાથી પરે જાઓ. તમારો સમય આવશે. એનાથી ઉપર ઉઠો, ઉર્ધ્વગતિ કરો,ત્યાં અનંત પ્રકાશ છે. ઉર્ધ્વગતિ કરો. તે તમારી અવિદ્યા છિન્ન-ભિન્ન કરશે. આ ઉપદેશ સાંભળીને મને સ્મરણ થઇ આવ્યું. આત્માનો સ્વભાવ દૈવી છે, મુક્તિ લક્ષ્ય અત્યારે અહીં અને હમમાં જ છે. પછી નથી. એ મહત્તાનાં અનુભવ માટે જીવનું એક માત્ર લક્ષ્ય અત્યારે અહીં અને હમણાં જ છે. પછી નથી. એ મહત્તાના અનુભવ માટે જીવન આત્માનુભવ હોવો એ નક્કી છે. પછી કાળ મટી જાય છે. ભૌતિક અને નશ્વર વિચાર અલગ થઇ જાય છે. પ્રકાશ કે જે જીવન છે, સત્ય કે જે શાંતિ છે. ચમકી ઉઠે છે. સમસ્ત સ્વપ્ન સમાપ્ત થઇ જાય છે. અનંત અનુભવમાં આત્મા એક થઇ જાય છે.

હરિ ૐ તત સત!

● **કેવળ પ્રકાશ : ૧૨**

એ શબ્દ કે જે મૌનમાં રહે છે. મારા આત્માને કહે છે હે પુત્ર! પ્રબુધ્ધ શાંતિમાં આવ. વ્યક્તિનાં કોલાહલ અને એનાં વિવિધ અનુભવોથી અલગ તું મહાન શાંતિમાં આવ. સપાટી પરનાં કામવાયુ તથા વાસનાઓથી તું ન ગભરાઇશ. જો ઘનઘોર વાદળ ઘેરી લે છે તો પણ સમય આવતાં તેની પર સૂર્ય ચમકે છે. એ મૌનમાં હૃદય આનંદ વિભોર બની જાય છે એ પ્રેમની સામે જે સર્વત્ર વ્યાપ્ત છે. આ અનંતમાં એક પણ સદ્‌વિચાર, એક પણ ધાર્મિક સદ-આકાંક્ષા નિષ્ફળ નથી થતી. એટલે જ સમયની પાર જાઓ. એમાં તારૂં ચિંતન વિશાળ થશે. મારૂં મન અનંતનું જિજ્ઞાસું થઇ શકશે.

તારા ચિત્તમાં જ તો સંસારનું અસ્તિત્વ છે. તમે સમયની અંદર જ અનંતનો પ્રકાશ પાથરી શકો છો. પોતાનાં વિચારો દ્વારા તમે અનંતધામ સુધી પહોચી શકો છો. અજ્ઞાનથી કે આત્મા મુક્ત અને સ્વતંત્ર છે, કેટલી શક્તિ, કેટલા ઉચ્ચવિચાર એ મહાન અતુલનીય અનુભવ થવાથી થાય છે.

જવું - આવવું, કરવું - ન કરવું, આ બધું શું છે? વ્યવહારીક જીવનમાં ભાગરૂપે તે શરીર છે ત્યાં સુધી રહેશે જ. જીવનમાં ઘોર સ્વપ્નની ઉપકથાઓ છે. સમયરૂપી નદીની એ નિમ્ન ધારાઓ છે. પરંતુ આત્મા અનંત છે. મૌન અત્યંત ગહન છે. શાંતિ અપરિમિત છે. ભાવ અને વિચારનાં પ્રતિબિંબને મિટાવી દો. તેના સ્વરૂપ પાણીની અંદર પડતી છાયાની જેમ ભ્રામક છે. સ્વયં પ્રકાશમાં જાવ. શબ્દે ફરી વાર કહ્યું, "આત્મામાં અહંકાર ભાવ નથી. આ અપરિમિત, સનાતન, સદાસ્વતંત્ર એક છે. જેમાં કોઇ પ્રકારનો વિભાગ નથી. આત્મરાજયમાં હું અને તું અને તેનાં માટે સ્થાન નથી. સમસ્ત એ જ છે. ૐ તત સત! અનુપમ અને અનિર્વચનીય એ આત્માને કોણ જાણે છે? વસ્તુતઃ એ જ જાણે છે."

સાચો પ્રેમ મુક્તિની તથા અનંતમાં વિલીન થઇ જવાની તીવ્ર લગનીમાં છે. સાચો પ્રેમ તો મૌનના માટે તીવ્ર આકાંક્ષામાં નિહિત છે. એમાં કોઇ પ્રકારની બાધા નથી. આ ધીરે ધીરે પરંતુ વધુ વ્યાપકતાની સાથે ગંતવ્ય સુધી પહોચે છે. આ અબાધ્ય છે. લક્ષ્યને પ્રાપ્ત કરે છે. જયાં બધા દેવગણ મળી જાય છે, જયાં સમસ્ત શબ્દ નષ્ટ થઇ જાય છે, જયાં રૂપ ઓગળી જાય છે, જયાં જીવન અને મૃત્યુનું અસ્તિત્વ મટી જાય છે. તે જ આત્મા છે. જયાં પ્રયત્ન બંધ થઇ જાય છે. જયાં અનુભવ રહે છે, જયાં સમસ્ત અન્યોન્ય આશ્રિત વસ્તુઓ નષ્ટ થઇ જાય છે. ત્યાં સૌંદર્ય - પવિત્રતા, પાપ-ભય અને ખરાબ - સારાં - ભલાં - બૂરામાં ભેદ નથી રહેતો. જયાં મન ઊંડા ધ્યાનમાં સર્વત્ર થઇ જાય છે એને તમે આત્મા જાણો.

પુત્ર! ઉન્નતથી પણ ઉન્નત અને સમસ્ત દેવોથી પણ પર તે આત્મ તત્ત્વ છે.

તે અવિનાશીનું વિશ્રામ સ્થાન છે. બધું જ નાશ પામે છે. કશું જ રહેતું નથી. જે રહે છે, તે આત્મા છે. જયારે શબ્દ મૌન થઇ જાય ત્યારે એવું પ્રતીત થાય કે મારી આત્મા સત્તા 'ઈશ્વર' સાથે એક થઇ ગઇ ત્યારે 'હું' નું અસ્તિત્વ ન હતું, માત્ર પ્રકાશ જ શેષ રહે છે.

(ક્રમશઃ)

મયુરપિચ્છ એ કૃષ્ણ ભગવાનનો મુગટ છે અને જ્ઞાનની દેવી મા સરસ્વતી તથા શિવપુત્ર કાર્તિકેયનું તે વાહન છે, આપણાં શાસ્ત્રો દ્વારા મોરને અપાયેલું આ ઉત્તમ સ્થાન છે, જે આ પક્ષીના રક્ષણનો સંદેશ બની રહે છે

વન્યસૃષ્ટિ પરિચય

મયુર નૃત્ય

- હેમંત સુથાર

વિશ્વના સુંદરતમ્ પક્ષીઓમાં આપણાં રાષ્ટ્રીય પક્ષી મોરનો સમાવેશ થાય છે. અંગ્રેજીમાં તેને પી ફાઉલ (Peafowl) કહે છે. મોર ગુજરાતી નામ નર પક્ષી માટે છે. જેને અંગ્રેજીમાં પીકોક (Peacock) કહેવાય છે. જ્યારે ઢેલ માદ પક્ષીનું નામ છે. તેને અંગ્રેજીમાં પી હેન (Peahen) કહેવાય છે. આ પક્ષીનું વૈજ્ઞાનિક નામ "પેવો ક્રિસ્ટેટ્સ" (Pavo cristantas) છે. મોરનું સંસ્કૃત નામ "મયુર" છે.

મોર ભારત, દક્ષિણ - પૂર્વી પાકિસ્તાન, નેપાલ, ભૂતાન જેવા દેશોમાં જોવા મળે છે. મોરની એક જાતિ ગ્રીન પી ફાઉલ (Green Peafowl) - લીલો મોર ઉત્તર પૂર્વી ભારત અને બાંગ્લાદેશમાં જોવા મળે છે.

ઉનાળાની ઋતુના મે માસ - જેઠ મહિનામાં નર મોરને પૂંછડી ભાગેથી પીંછા નીકળવાનું શરૂ થાય છે. પૂંછડીના છેડે વાંદળી, લીલા,જાંબલી, ચમકતાં - ફ્લોરોસન્ટ જેવા રંગોનાં ગોળ ચાંદલા આકારનાં પીંછા રચાય છે. પીંછાની મુખ્ય શાખા સફેદ રંગની હોય છે.

મોર કળા કરવા માટે એક ચોક્કસ શાંત જગ્યા પસંદ કરે છે અને દરરોજ નિયમિતપણે તે સ્થળ જ નૃત્ય કરે છે. નવા પીંછા આવ્યા બાદ શરૂઆતમાં મોર ફક્ત શોખથી કળા કરે છે. પરંતુ વર્ષાઋતુ આ પક્ષીની પ્રણયની - સંવનનની ઋતુ હોઇ આવેગમય બનીને માદાઓને આકર્ષવાના હેતુથી નૃત્ય કરે છે. મોર બહુપત્ની ધારી છે. તેથી તેની આસપાસ કેટલીક માદાઓ આકર્ષિત થઇને આવે છે.



સુંદર પીંછાઓ ૧ થી ૧ ½ મીટરની લંબાઇનાં હોય છે. તેને ઉભા કરીને તે વિશાળ કદનો પંખા જેવો આકાર બનાવે છે. જેમાં તેના આગળના ભાગે ખુબ જ ભપકાદાર પીછાઓ અર્ધ વર્તૂળાકારે ફેલાઇને નયન રમ્ય દૃશ્ય ખડું કરે છે. નૃત્ય કરતી વખતે મયુર કળા કરીને ધીમે ધીમે પગલે આગળ આવે છે અને પાછો ધીમે ધીમે પાછળની તરફ જાય છે. આ દરમિયાન તેની બંને તરફની પાંખો અડધી ખુલ્લી રાખીને તેને હલાવે છે. આ દરમિયાન તેના પીંછાઓમાં થરકાટ કે કંપનો પેદા કરે છે. પીંછાઓમાં ધ્રૂજારી પેદા કરે છે. ત્યારે એક ચોક્કસ પ્રકારનો અવાજ પેદા થાય છે. મયુર નૃત્ય દરમિયાન એકદમ નિમ્ન આવૃત્તિનાં ધ્વનિ પેદા થાય છે, જે આપણે માનવો ને સંભળાતો નથી.

કેનેડા દેશની મેનિટોબા યુનિવર્સિટીના એક જીવવિજ્ઞાન સ્નાતક વિદ્યાર્થી એવા એન્જેલા ફ્રિમેનના નેતૃત્વ હેઠળ વૈજ્ઞાનિકોની એક ટીમે મયુર નૃત્યનો અભ્યાસ કર્યો અને તે દરમિયાન પેદા થતાં ધ્વનિને રેકોર્ડ કર્યો ત્યારે જાણવાં મળ્યું કે પીંછાઓના થરકાટને કારણે ૨૦ હર્ટ્ઝની નીચની આવૃત્તિના ધ્વનિ પેદા થાય છે. માનવો સામાન્ય રીતે ૨૦ હર્ટ્ઝથી લઇને ૨૦,૦૦૦ હર્ટ્ઝ સુધીના તરંગોવાળા ધ્વનિને સાંભળી શકે છે. તેથી મયુર નૃત્ય દરમિયાન પેદા થતાં ૨૦ હર્ટ્ઝ નીચેનાં આવૃત્તિવાળા ધ્વનિ માનવોનો સંભળાતાં નથી. આ એક રહસ્ય છે.

વૈજ્ઞાનિકોની આ ટીમના ધ્યાને આ વાત ત્યારે ધ્યાનમાં આવી કે જ્યારે આવા ધ્વનિ તરંગોને આ ઢેલો - માદાઓ સામે વગાડવામાં આવ્યા ત્યારે માદાઓ તે તરંગોનો ધ્વનિ સાંભળીને ઉત્તેજિત થઇને સક્રિય બની ગઇ. આ રીતે મોર મયુર નૃત્ય દરમિયાન માનવો ન સાંભળી શકે તેવા ધ્વનિ પેદા કરીને પણ માદાઓને ગુપ્ત સંદેશાઓ પાઠવે છે.

આપણે બધા મોરના કર્ણપ્રિય ટહુકાથી પરિચિત છીએ પણ તેની માદાને પીંછા વડે ગુપ્ત ધ્વનિથી જે સંદેશાઓ પાઠવે છે તેનાથી અજાણ છીએ.

ઢેલનો રંગ સાધારણ હોય છે. તેના બદામી અને મેલા ધોળા રંગોને લીધે તે સાવ સાદી લાગે છે. જ્યારે મોર (નર) ખુબ જ આકર્ષક લાગે છે. ચોમાસાની ઋતુના વિદાય સમયે મોરની પૂંછડીના સુંદર લાંબા પીછાં ખરવા લાગે છે. સામાન્ય રીતે મોર ૩ વર્ષ પછી પુખ્ય થાય છે. ત્યારે તેને આવા આકર્ષક પીંછા આવે છે. પ્રથમ ત્રણ વર્ષ તે માદા, (ઢેલ) જેવો જ દેખાય છે.

ઘણાં વિસ્તારોમાં એવી ખોટી લોક માન્યતા છે કે મોર નૃત્ય કરે ત્યારે તેની આંખમાંથી આંસુ નીકળે છે. માદાઓ - ઢેલ આવા આંસુઓ ઝીલીને પી જાય છે અને તેનાથી તે ગર્ભવતી બનીને બચ્ચા આપે છે. આ રીતે મોર બ્રહ્મચારી રહે છે. નર-માદા સંવનન કરતાં નથી. હકીકતમાં નર એકથી વધુ માદાઓ જોડે સંબંધ બાંધે છે અને સંવનન સમયે ચોક્કસ અવાજ કરે છે.

મયુરપિચ્છ એ કૃષ્ણ ભગવાનનો મુગટ છે અને જ્ઞાનની દેવી મા સરસ્વતી તથા શિવપુત્ર કાર્તિકેયનું તે વાહન છે. આપણાં શાસ્ત્રો દ્વારા મોરને અપાયેલું આ ઉત્તમ સ્થાન છે. જે આ પક્ષીના રક્ષણનો સંદેશ બની રહે છે.

આપણે ઇચ્છીએ કે આપણી વચ્ચે મયુર નૃત્યના નયન રમ્ય દૃશ્યો અને મયુરના કર્ણપ્રિય ટહુકાના ધ્વનિઓ નિરંતર ગુંજતા રહે - સર્જાતા રહે, લુપ્ત ન થાય.

ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક-૨૦૧૩ અંગે સમજૂતી

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

ગુજરાત સરકારે તાજેતરમાં જ પાણી અને સિંચાઇ અંગેના વિધેયક ગૃહમાં બહુમતીથી પસાર કર્યા જેને વિરોધ પક્ષે કાળા કાયદા તરીકે નવાજ્યો છે.

ખેડૂતોને ખેતીમાં પાણીનાં સ્રોત તરીકે પાણી પુરવઠા કે સિંચાઇ માટેનાં તમામ સંગ્રહ જેવા નહેર, કાંસ, પાઇપલાઇન, જળાશય, ખેતીવાડી માટે ખેતતલાવડી, પુરબંધ, આડબંધ, ચેકડેમ, ખેતનીક, સહિતની પાણીની નિકાલની વ્યવસ્થા કૂવા, બોરવેલ, ટયૂબવેલ વગેરેનું સંચાલન કરવા માટે નહેર અધિકારીની નિમણૂંક કરવામાં આવશે.

નહેર અધિકારી આ તમામ પાણી સિંચાઇનાં સાધનોનું નિયમન કરશે તથા તેની જાણકારી કરશે ખાનગી જગ્યામાં પણ અધિકારીને ખેતર માલિક દ્વારા અટકાવી શકાશે નહીં.

ખેડૂત પોતાના ખેતરમાં આવા સાધનોથી સિંચાઇ કરતો હોય તો પાણી આગળ જતુ અટકાવી શકાશે નહીં, તેમજ માત્ર પોતાના ઉપયોગ માટે જ પાળી બાંધી શકશે નહીં. આવા પાણીના વપરાશ બદલ સરકાર ખેડૂતો પાસેથી ચાર્જ વસૂલ કરશે. કાંસને કવર કરી શકાશે નહીં. કાંસ ઉપર ઢોરોનો છૂટા મુકી શકાશે નહીં. દરેક પાક લેતી વખતે ખેડૂતે અલગથી પરવાનગી મેળવવી પડશે. એક પરવાનગી જે તે વખતના પાક માટે જ મળશે. નહેરના પાણીના ભાવો સરકાર નક્કી કરશે. ખેડૂત દ્વારા પાણીનાં શિક્ષાત્મક કાર્યવાહીની જોગવાઇ છે.

નહેરના પાણીને નુકશાન પહોંચાડનાર, અવરોધનાર તથા જાણીજોઇને નહેરનાં પાણીનો ઉપયોગ ઢોરો માટે ઢોરવાડા માટે કરવામાં આવે તો દંડાત્મક જોગવાઇ છે. મેજિસ્ટ્રેટ દ્વારા ગુનો સાબિત થયેથી ૩ માસની જેલ અથવા પાંચ હજારના દંડ અગર તો બંનેની સજાની જોગવાઇ છે.

ગુજરાતમાં નહેર, કુવા, ચેકડેમ, ટયુબવેલ, જળાશય જેવા સિંચાઇના સાધનોનાં પાણીનાં વપરાશ ઉપર કડક નિયંત્રણ લાદતું વિધાયક મંગળવારે ગુજરાત સરકારે પસાર કરેલ છે. જેને આમ જનતાને અને વિરોધપક્ષે કાળા કાયદા, ખેડૂત વિરોધી, તરીકે ઓળખાવેલ છે. પરંતુ કિસાન સંઘો રાજય સરકાર તરફી હોય ઉહાપોહ થયેલ નથી.

જો ઉપરોક્ત વિધાયકનો અમલ ગુજરાતમાં કરવામાં આવે તો આર્થિક બેહાલીમાં આપઘાત કરનાર ખેડૂતોની સંખ્યામાં વધારો થશે. ખેડૂતને પાક સારો ન મળે તો ખાતર ઉપર દિવેલ જેવી દશા થશે.

નિયમોનું ઉલ્લંઘન કરનાર ખેડૂતને જેલમાં જવું પડશે. તમામ સત્તા અધિકારીઓનાં હાથમાં આવશે, તેથી 'માનીતાને ઘી કેળા' જેવો ઘાટ થશે. અધિકારીઓની મનમાની ચાલશે. મનસ્વી રીતે વર્તશે, તે નક્કી છે, લાયસન્સ પ્રથાથી ભ્રષ્ટાચાર માજા મુકશે. તેમજ નહેર, કેનાલ, ચેકડેમ, આડબંધની મરામતના કામ સરકારના હાથમાં રહેવાથી ખેડૂતોને તંત્ર ઉપર રહેવું પડશે. સમયસર મરામત ના થાય તો સહન ખેડૂતોને કરવું પડશે. સીઝનમાં ટાઇમસર પાણી મળશે કે કેમ? તે પક્ષ પ્રશ્ન રહેશે. રાજયમાં હાલનાં ૧૮૮ લાખ હેકટર જમીન પૈકી માત્ર ૩૪ ટકા વિસ્તારને જ સિંચાઇના સાધનો ઉપલબ્ધ છે. બાકીનાં ખેડૂતો રામભરોસો જ ખેતી કરતા આવ્યા છે. સૌથી વધારે સિંચાઇ કૂવા, બોર, ટયુબવેલ દ્વારા જ થાય છે. જેનું નિયંત્રણ ખેડૂત પાસે છે જે છિનવાઇ જશે. જગતનો તાત ફરીથી ભિખારીની ભૂમિકામાં આવી જશે. તેમજ ડાર્ક ઝોનમાં આવેલા ખેડૂતોનો ઘાટ 'પડ્યા ઉપર પાટા' જેવો થશે. આ નવા કાયદાથી ચોરી કરનાર ખોટું બોલનાર દંડાશે પરંતુ અધિકારીના હાથમાં લગામ રહેશે. રાજયને રેવન્યુથી આવકમાં ચોક્કસ વધારો થશે પરંતુ પાણીના ભાવો વધતા ખાતર, બિયારણ, પાણીનો ભાર આમ જનતાને ચુકવવો પડશે, અનાજના ભાવો આસમાને જશે તે નક્કી વાત છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૩જી માર્ચ



● ૩-૩-૧૮૪૭ - સ્કોટલેન્ડનાં એડિનબર મુકામે ટેલિફોનનાં મૂળ શોધક એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલનો જન્મ. બહેરાઓને તાલીમ આપી શકે તેવા શિક્ષકો તૈયાર કરનાર શ્રી બેલે 'હારમોનિ કે ટેલિગ્રાફ'નામનું યંત્ર પ્રથમ શોધ્યું.

● ૧૯૦૩ - સૌ પ્રથમ વાર એક માણસની જાહેરમાં થૂંકવાના ગુના બદલ સેન્ટ લુઇસ ખાતે ધરપકડ થઇ.

● ૧૫૮૧ - ગ્રંથ સાહેબના સ્થાપક ગુરૂ અર્જુનદેવ ગાદીએ બેઠા.

● ૧૮૩૯ - ઉદ્યોગપતિ જમશેદજી તાતાનો નવસારી ખાતે જન્મ.

● ૧૮૮૮ - ઇમાનખાન કયાસખાન - ઉર્દૂ સાહિત્યનું ગુજરાતીકરણ કરનાર લેખકનો જન્મ.

● ૧૯૮૨ - ઉર્દૂ ગઝલકાર ફિરાક ગોરખપુરીનું અવસાન.